# ગુજરાત ઊર્જા સયુંકત સંકલન સમિતિ


| | | | |
|---|---|---|---|
| | અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ<br>રજી.નં.: જી ૧૨૪ | | |
| | જીઇબી એન્જીનીયર્સ એસોસીએશન<br>રજી.નં.: જી ૬૫૩ | | |
| ગોરધનભાઈ ઝડફિયા<br>અધ્યક્ષ | બિપિન એમ.શાહ<br>કાર્યકારી અધ્યક્ષ | બળદેવ એસ.પટેલ<br>સીની.સેક્રેટરી જનરલ-એજીવીકેએસ | હરેશ જી.વઘાસીયા<br>સેક્રેટરી જનરલ-જીબીઆ |

૧૬-૧૭, ૧લો માળ, શાશ્વત પ્લાઝા, ૬૬ કે.વી.સબ-સ્ટેશન સામે, ઊંઝા-પાટણ રોડ, ઊંઝા-૩૮૪ ૧૭૦

E –Mail: agvksunjha@gmail.com મો.નં.: ૯૯૨૫૨ ૪૬૦૦૧ અને ૯૯૨૫૨ ૧૦૦૨૬


| | |
|---|---|
| ક્રમાંક: એજીવીકેએસ & જીબીઆ/૨૦૨૫/૦૧ | તારીખ: ૦૧.૦૧.૨૦૨૫ |

**ટોચ અગ્રિમતા અને ખાસ અગત્યનું**

**પ્રતિ,**
**મેનેજિંગ ડિરેક્ટરશ્રી,**
ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ,
હેડ ઓફિસ,
સરદાર પટેલ વિદ્યુત ભવન,
રેષ-કોર્સ, **વડોદરા-૩૯૦ ૦૦૭.**

**વિષય:-** **જીયુવીએનએલ અને તેને તાબાની સંલગ્ન છ (૬) સબ-સીડરી કંપનીઓમાં કાયમી ફરજ બજાવતા કર્મચારીઓ અને અધિકારીશ્રીઓના નિવૃતિ સમયે જમા થયેલ રજાઓ (Earned Leave) અને તેને આધારે ચૂકવવામાં આવતી રકમ (Encashment of Earned Leave) અન્વયેના નામદાર હાઇકોર્ટના ચુકાદા મુજબ ગણતરીમાં સુધારો કરી સ્પષ્ટતા કરવા બાબત.**

સંદર્ભ:- (1) Chapter-V : Leave Regulations : Service Regulation No. : 133.
(2) G.S.O. - 278 dtd. : 26.05.1978.
(3) Est. Circular No.: m614 dtd. : 18.07.1998.
(4) G.S.O. – 1 dtd. : 01.07.2009. [Caluse No.: 16.0)
(5) GUVNL Circular No.: GUVNL/HR/EL-Encase/544 dtd. : 04.03.2010.
(6) GUVNL Handbook Chapter No. : 13 Leave Encasement Page No. : 47-48.

માન.સાહેબશ્રી,

જીયુવીએનએલ અને તેને સંલગ્ન તાબાની છ (૬) સબ-સિડરી કંપનીઓમાં ફરજ બજાવતા કાયમી કર્મચારીઓ અને અધિકારીશ્રીઓના કિસ્સામાં નિવૃત્તિ સમયે જમા થયેલ 300 રજાઓ (Earned Leave) અને તેને આધારે ચૂકવવામાં આવતી રકમ (Encashment of Earned Leave) સંદર્ભમાં રજુ કરેલ પરિપત્રો/જી.એસ.ઓ./એસ.આર./એસ્ટાબ્લીસમેન્ટ અને તેમાં ઉલ્લેખનીય શરતો/કલમો અને ગણતરી આધારે આપવામાં આવે છે જેનું અર્થઘટન ખોટું કરી કર્મચારીઓ અને અધિકારીશ્રીઓ અન્યાય કરવામાં આવી રહેલ હોવાનું નામદાર હાઇકોર્ટ દ્વારા જણાવેલ છે જે પરત્વે સંકલન સમિતિ દ્વારા ન્યાયની અપેક્ષાએ નામદાર હાઇકોર્ટના ચુકાદા આધારે નીચે મુજબની કર્મચારીઓ અને અધિકારીશ્રીઓના ન્યાયિક હક્ક સબબ રજુઆત કરવાની ફરજ પડેલ છે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જીયુવીએનએલ અને તેને સંલગ્ન તાબાની છ (૬) સબ-સિડરી કંપનીઓમાં ફરજ બજાવતા કાયમી કર્મચારીઓ અને અધિકારીશ્રીઓની જમા થયેલ રજાઓના કિસ્સામાં કર્મચારી/અધિકારીશ્રીની 300 ઉપર જમા થયેલ એટલે કે વપરાયા વગરની રજાઓ સિસ્ટમમાં બતાવવામાં આવતી નથી કે જમા કરવામાં આવતી નથી એટલે કે વેવ કરવામાં આવે છે અને નિવૃત્તિ સમયે 300 રજાઓનું ચુકવણું કરવામાં આવે છે પરંતુ સંજોગોવસાત કોઈ કર્મચારી કે અધિકારીશ્રીને મળવાપાત્ર અન્ય રજાઓ પૂર્ણ થયેલ હોય અને સદર જમા થયેલ રજાઓ વપરાય તો જમા થયેલ કુલ: 300 રજામાંથી વપરાયેલ રજાઓ બાદ કરીને બાકી રહેલી રકમનું ચુકવણું નિવૃત્તિ સમયે કરવામાં આવે છે જે યોગ્ય નથી તેમ નામદાર હાઇકોર્ટના ઓર્ડરોમાં જણાવેલ છે જેની વિગત આપ સાહેબશ્રી સમક્ષ નીચે મુજબ રજૂ કરવામાં આવે છે:

**(ક્રમશ:.....**

નામદાર હાઇકોર્ટ ઓફ પંજાબ અને હરીયાણા, ચંડીગઢ ખાતે બે કર્મચારીઓ દ્વારા કરેલ અરજી નં.: ૧૩૭૭૨ ઓફ ૨૦૧૪ (ઓ/એમ) સામે આપેલ ચુકાદા તા.: ૦૫.૧૦.૨૦૧૬ માં જણાવ્યા મુજબ કર્મચારી/અધિકારીશ્રીની જમા થયેલ મહત્તમ 300 રજાઓ (Earned Leave) સુધી રકમ (Encashment of Earned Leave) ચૂકવવામાં આવે છે પરંતુ તેનો અર્થ એ નથી કે કર્મચારી અને અધિકારીશ્રીની જમા થયેલ 300 થી વધુ વપરાયા વગરની રજાઓને ઘટાડી દઇ ઉપરની રજાઓ વેવ કરી ન શકાય પરંતુ સદર 300 થી ઉપરની જમા થયેલ તમામ રજાઓ (Earned Leave) ને નિવૃતિ સમય સુધી જમા કરવાની હોય છે જે કર્મચારી/અધિકારીશ્રીનો ન્યાયિક હક્ક છે. આમ, કર્મચારી/અધિકારી જે વિભાગમાં ફરજ બજાવતા હોય તે વિભાગના સંલગ્ન અધિકારીશ્રી દ્વારા કર્મચારીઓ અને અધિકારીશ્રીઓના કિસ્સામાં નિવૃત્તિ સમયે જમા થયેલ 300 રજાઓ (Earned Leave) અને તેને આધારે ચૂકવવામાં આવતી રકમ (Encashment of Earned Leave) ના પરિપત્રનું ખોટું અર્થઘટન કરી ખોટી ગણતરી કરવામાં આવેલ હોય કર્મચારીને તમામ મળવાપાત્ર (Earned Leave) રજાઓનું એરિયર્સ સાથે ૭% વ્યાજ સહિત ચૂકવાનું કરવાનો તથા ખોટી ગણતરી કરી સરકારશ્રી અને નામદાર કોર્ટનો સહારો લઇ સમય વેડફાવવા બદલ જે તે જવાબદાર અધિકારીશ્રી સામે તપાસ કરી જવાબદારી ફિક્સ કરી કાર્યવાહી કરવાનો આદેશ કરેલ છે જે ચુકાદાની નકલ આ સાથે આપ સાહેબશ્રીની જાણ અને કાર્યવાહી સારૂ સામેલ છે.

**આથી, ઉપરોક્ત સત્ય હકીકત આધારે જીયુવીએનએલ અને તેને તાબાની સંલગ્ન છ (૬) સબ-સીડરી કંપનીઓમાં કાયમી ફરજ બજાવતા કર્મચારીઓ અને અધિકારીશ્રીઓના નિવૃતિ સમયે જમા થયેલ રજાઓ (Earned Leave) અને તેને આધારે ચૂકવવામાં આવતી રકમ (Encashment of Earned Leave) અન્વયેના નામદાર હાઇકોર્ટના ચુકાદા મુજબ કર્મચારી/અધિકારીશ્રીની તમામ જમા થયેલ રજાઓ** (Earned Leave) **જમા રાખવા સંલગ્ન પરિપત્રમાં સુધારો કરી સ્પષ્ટતા કરવા સંકલન સમિતિની ન્યાયિક માગણી છે.**

ઉપરોક્ત બાબત આપ સાહેબશ્રીની જાણ અને કાર્યવાહી કરી અત્રેની કચેરીને જાણ કરવા સારૂ.

આભાર સહ,

આપના સ્નેહાધીન,

**(બળદેવ.એસ.પટેલ)**
**સીનીયર સેક્રેટરી જનરલ**
**અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ, ઊંઝા**

**(એચ.જી.વઘાસીયા)**
**સેક્રેટરી જનરલ**
**જીઇબી એન્જીનીયર્સ એસોસીએશન, જુનાગઢ**

**બિડાણ:** ઉપર મુજબ

**નકલ સવિનય રવાના પ્રતિ:**

અધિક મુખ્ય સચિવશ્રી, ઇપીડી, બ્લોક-૫, ૫મો માળ, સચિવાલય, ગાંધીનગર.
ડાયરેક્ટરશ્રી (એડમીન./ફાય.), જીયુવીએનએલ, હેડ ઓફિસ, વડોદરા.
એચ.આર.હેડ, જીયુવીએનએલ, હેડ ઓફિસ, વડોદરા.
ફાયનાન્સ હેડ, જીયુવીએનએલ, હેડ ઓફિસ, વડોદરા.

**નકલ રવાના પ્રતિ:**

પ્રતિ, અધ્યક્ષશ્રી અને કાર્યકારી અધ્યક્ષશ્રી, ગુજરાત ઊર્જા સંયુક્ત સંકલન સમિતિ, અમદાવાદ.
પ્રતિ, પ્રમુખશ્રી, અગુવિકાસંઘ અને જીબીઆ, અમદાવાદ.
પ્રતિ, સીનીયર કાર્યકારી પ્રમુખશ્રી અને કાર્યકારી પ્રમુખશ્રી, અગુવિકાસંઘ, અંજાર/સાવલી/ઉધના.
સુપર પાવર વર્કિંગ કમિટી-અગુવિકાસંઘ & કોર કમિટી-જીબીઆના હોદ્દેદારો તથા એમજીવીસીએલના હોદ્દેદારો.